ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમની હંગામી જગ્યાઓ ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૧૭/૮૦૯૪૩/ન.બા.૧૦/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૨૬/૦૨/૨૦૨૧.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૦/૦૨/૨૦૨૦ નો ઠરાવ.
(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૨/૦૫/૨૦૨૦ નો ઠરાવ.
(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૦૧/૦૨/૨૦૨૧ નો પત્ર નં.મકમ/હંગામી જગ્યા /૨૦૨૧/૭૫૨.

આમુખ:-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા.૨૦/૦૨/૨૦૨૦ ના ઠરાવથી ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને અને વિકાસ નિગમની કુલ-૦૪ (ચાર) જગાઓને એબેયન્સમાં રાખવાની શરતે તા.૨૮/૦૨/૨૦૨૧ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે તેમજ વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૧૨/૦૫/૨૦૨૦ ના ઠરાવથી સદરહું એબેયન્સમાં ગયેલ ૦૪ (ચાર) જગાઓને એબેયન્સમાંથી મુક્ત કરી, પુન:જીવિત કરવાની મંજૂરી આપવામાં આવેલ છે. સદરહું ૦૪ (ચાર) જગાઓની મુદ્દત તા.૦૧/૦૩/૨૦૨૧ થી તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવા બાબતે વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના પત્રથી નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર દ્વારા તા.૦૧/૦૨/૨૦૨૧ ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર દ્વારા ક્રમાંક (૩) પરના તા.૦૧/૦૨/૨૦૨૧ ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને અને વિકાસ નિગમની નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની ક્રમ નં.૧ થી ૪

— 2 —

ની કુલ-૪(ચાર) હંગામી જગાઓને તા.૦૧/૦૩/૨૦૨૧ થી તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | સંખ્યા | પગારધોરણ |
|---|---|---|---|---|
| ૧ | મેનેજીંગ ડીરેકટર | ૧ | ૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦<br>ગ્રેડ પે-૭૬૦૦ |
| ૨ | સમાજ સુરક્ષા અધિકારી | ૨ | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦<br>ગ્રેડ પે ૪૬૦૦ |
| ૩ | હિસાબી અધિકારી | ૨ | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦<br>ગ્રેડ પે ૪૬૦૦ |
| ૪ | સીનીયર કલાર્ક | ૩ | ૧ | ૫૨૦૦-૨૦૨૦૦<br>ગ્રેડ પે-૨૪૦૦ |

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા સલાહકારશ્રી (સા.ન્યા.) તથા અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ની તા.૨૩/૦૨/૨૦૨૧ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ડી. સી. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી સમાજ સુરક્ષા મારફત)
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તરફ વિભાગની વેબસાઇટ પર મુકવા સારું.
- ના.સે.અ. ની સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.